ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 | krcscbvn@gmail.com | krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 15th September, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,

ભારતના મહાન એન્જીનીયર સર એમ. વિશ્વેશ્વરૈયાના જન્મ દિવસ

## રાષ્ટ્રીય એન્જીનીયર દિવસ – ૨૦૨૫ ની

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતેની IP Lab ખાતે કરવામાં આવી ઉજવણી.

જય વિજ્ઞાન,

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ **(DST)** ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી **(GUJCOST)** દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રાષ્ટ્રીય એન્જિનિયર્સ ડેના અવસર પર ખાસ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ 30 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતના પ્રથમ મહાન એન્જિનિયર **સર એમ. વિશ્વેશ્વરૈયા**ના જીવન અને સિદ્ધિઓ વિષે વિશેષ સમજૂતીઓ આપવામાં આવી. ત્યારબાદ **બ્રહ્માંડ અને તેની ઉત્પત્તિ** અંગેનો માહિતીસભર વિડિયો ફિલ્મ બતાવવામાં આવી. ઉપરાંત આવિષ્કાર અને નવીનતા ક્ષેત્રે પોતાના વિચારોને સુરક્ષિત કરવા હેતુ થી વિદ્યાર્થીઓને **Intellectual Property Rights (બૌદ્ધિક સંપદા અધિકાર)** અને **પેટન્ટ રાઇટ્સ** વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમ દરમ્યાન વિધાર્થીઓએ જાતે જ **3D પ્રિન્ટિંગ ટેક્નોલોજી**નો ઉપયોગ કરીને વિવિધ મોડેલ નમૂનાઓ બનાવ્યા હતા. અંતે વિધાર્થીઓને રોકેટ મોડેલ આપવામાં આવેલ. જેને તેઓએ જાતે એસેમ્બલ કરી **રોકેટ મોડલ નિર્માણ**ની પ્રાયોગિક સમજતી મેળવેલ.

આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે પ્રયોગાત્મકતા અને નવીનતાની દિશામાં પ્રેરણા મળી.bઆવા અનેકવિધ કાયક્રમો થાકી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રત્યે અભિરૂચિ વિકસાવવા માટે સતત પ્રયાસો કરીરહ્યું છે.

15/09/2025
6 PM

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.